રાજ્યની રક્ષા શક્તિ યુનિવર્સિટી હવે બનશે રાષ્ટ્રીય કક્ષાની રક્ષા શક્તિ યુનિવર્સિટી

ગાંધીનગર, તા. ૨૧

ગૃહ રાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું છે કે, રાજ્યમાં કાયદો - વ્યવસ્થાની પરિસ્થિતિ સુપેરે જળવાઈ રહે અને આ ક્ષેત્રે પણ શૈક્ષણિક તકોનો વ્યાપ વધે તે માટે તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યમાં રક્ષા શક્તિ યુનિવર્સિટીની સ્થાપના કરી હતી. રાજ્ય સરકારના હકારાત્મક અભિગમને કારણે આ યુનિવર્સિટી હવે

રાષ્ટ્રીય કક્ષાનો દરજ્જો મેળવશે. આ માટે લોક સભામાં આ અંગેનું ઐતિહાસિક બિલ કેન્દ્રિય ગૃહ રાજ્ય મંત્રી જી.કિશન રેડ્ડી દ્વારા રજૂ કરાયું હતું અને લોક સભામાં પસાર પણ કરાયું છે. જે સૌ ગુજરાતીઓ માટે ગૌરવની વાત છે.

મંત્રી જાડેજાએ ઉમેર્યું કે,ગઈકાલે લોકસભામાં ગૃહરાજ્ય મંત્રી રેડ્ડી દ્વારા રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી બિલ - ૨૦૨૦ પર ચર્ચાની શરૂઆત કરવામાં આવી હતી. ચર્ચા દરમ્યાન રેડ્ડીએ દેશના અનેક રાજ્યોના પોલીસ બળો તથા અર્ધલશ્કરી સુરક્ષા બળો માટે એક સમર્પિત શૈક્ષણિક અને સંશોધન સંસ્થાન હોવાના મહત્વ અંગે વિસ્તૃત માહિતી લોક સભાના સભ્યોને પૂરી પાડી હતી.

મંત્રી એ ઉમેર્યું કે, આ બિલના માધ્યમથી ગુજરાતના ગાંધીનગર જિલ્લાના દહેગામ સ્થિત લવાડ ખાતે કાર્યરત રક્ષા શક્તિ યુનિવર્સિટીને હવે રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી તરીકે અપગ્રેડ કરાઈ છે. એની સાથે જ RSUને 'ઈન્સ્ટિટ્યૂટ ઓફ નેશનલ ઈમ્પોર્ટન્સ (રાષ્ટ્રીય મહત્વનું શૈક્ષણિક સંસ્થાન)નો પણ દરજ્જો આપવામાં આવ્યો છે. સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં પહેલીવાર એવું બની રહ્યું છે કે પોલીસ અને રાષ્ટ્રીય સુરક્ષાના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટતા પ્રાપ્ત કરવાની દિશામાં કામ કરતી એક શૈક્ષણિક સંસ્થાને આ પ્રકારે રાષ્ટ્રીય દરજ્જો અપાઈ રહ્યો છે ત્યારે રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના માર્ગદર્શન હેઠળ આ યુનિવર્સીટી ઉત્તરોત્તર પ્રગતિ કરીને દેશનું નામ રોશન કરશે એવો દ્રઢ વિશ્વાસ મંત્રીએ વ્યકત કર્યો છે.લોકસભા દ્વારા રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી બિલના પસાર કર્યાની સાથે દેશના પોલીસ અને સુરક્ષા બળો માટે ટ્રેનિંગ - રિસર્ચ - એકસ્ટેન્શન - એજ્યુકેશન (Tree)' નું બહોળું માળખું સુદ્રઢ કરવાની દિશામાં ભારતે આગેકૂચ કરી છે.

દેશમાં ફોરેન્સિક સાયન્સીઝ ક્ષેત્રે સ્ટડી અને રીસર્ચનો વ્યાપ વધારવા કેન્દ્ર સરકારનું વધુ એક નક્કર કદમ

ગાંધીનગર, તા. ૨૧

ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું છે કે, ગુજરાતના પનોતા પુત્ર અને દેશના વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારે દીર્ઘ દ્રષ્ટિ પૂર્વક રાજ્યમાં ફોરેન્સિક સાયન્સનો વ્યાપ વધે તે માટે ગુજરાતમાં ગુજરાત ફોરેન્સિક સાયન્સીઝ યુનિવર્સિટીની સ્થાપના કરી હતી. રાજ્યની આ યુનિવર્સિટીએ દેશ-વિદેશમાં તેની કામગીરી થકી નામના મેળવી છે ત્યારે ગુજરાતની આ યુનિવર્સિટીને કેન્દ્રિય યુનિવર્સિટી તરીકેનો દરજ્જો આપવાનો કેન્દ્ર સરકારે નિર્ણય કર્યો છે. આ માટેનુ બિલ ગઈકાલે લોકસભામા કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી જી.કિશન રેડ્ડીએ રજૂ કર્યુ હતું અને લોકસભામા પસાર કરાયુ હતું. જે સમગ્ર

ગુજરાતીઓ માટે ગૌરવની વાત છે. આ યુનિવર્સિટી માટે કેન્દ્ર સરકાર ૧૦૦ ટકા ગ્રાન્ટ ફાળવશે અને યુનિવર્સિટીનું વડુ મથક ગાંધીનગર રહેશે. કેન્દ્ર સરકારના આ મહત્વના નિર્ણય માટે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહનો મંત્રી જાડેજાએ આભાર વ્યકત કરતા કર્યો છે.

મંત્રી જાડેજાએ ઉમેર્યું કે, રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં ગુજરાત સરકારે નાગરીકોને સુરક્ષા પૂરી પાડવા અને ત્વરિત ન્યાય મળે તે માટે અનેકવિધ નવતર આયામો હાથ ધર્યા છે ત્યારે આ યુનિવર્સિટી દેશ અને દુનિયા માટે મહત્વની પૂરવાર થશે. તેમણે ઉમેર્યું કે, આજનાં ડીજીટલ યુગના સમય-ગાળામાં ફોરેન્સિક સાયન્સ જેવા વિષય અંગેની નેશનલ ઈમ્પોર્ટન્સ ધરાવતી સંસ્થા રાજ્યમાં છે. જેનું મુખ્ય કાર્યક્ષેત્ર શિક્ષણની સાથે પ્રિવેન્શન ઓફ ક્રાઈમ, ઝડપી ક્રાઈમ ઈન્વેસ્ટીગેશન અને જસ્ટીસ ડીલીવરી સીસ્ટમને મજબૂત બનાવવા અંગેનાં રીસર્ચ અને ટ્રેનીંગનું છે. રાજ્ય સરકારની આ ક્ષેત્રે વિકાસ કરવાની પ્રતિબધ્ધતાના કારણે આ કેન્દ્રિય યુનિવર્સિટીનો દરજ્જો પ્રાપ્ત થયો છે. જેના પરિણામે દેશ-વિદેશના આ ક્ષેત્રે સંકળાયેલા લોકોને સીધો લાભ મળશે.

પત્રકાર જગત માટે મહત્તમ એવાં પાયાનાં વિષયો પર વેબીનારનું આયોજન

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરની નામાંકિત યુનિવર્સિટી કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનાં પત્રકારત્વ વિભાગ દ્વારા વિદ્યાર્થીઓનાં અભ્યાસ તદુપરાંત પત્રકાર જગત માટે પણ મહત્તમ એવાં પાયાનાં વિષયો પર વેબિનાર (વિચાર ગોષ્ઠિ)નું આયોજન કરવામાં આવ્યું હતું. જેના અનુસંધાને વિષય નિષ્ણાંત મનોજભાઈ શુક્લા (ફૂલછાબ અને કચ્છમિત્રનાં લેખક) એ હાજરી આપી પોતાના વિચારો ઉપરાંત અનુભવો પ્રગટ કર્યા હતા. વેબીનારનાં મુખ્ય હેતુને સાર્થક કરતાં મનોજભાઈ શુક્લાએ અમૂલ્ય એવી પાયાની વાતો સમજાવતાં જણાવ્યું હતું કે, પત્રકાર તરીકે સફળતા મેળવવી હોય તો જ્યાં ઊભાં હોઈએ, ત્યાં ઊભા રહેવા માટે પણ સતત દોડતું (જ્ઞાન રૂપી પગથી) રહેવું પડે

છે. પત્રકારત્વમાં આગળ વધવા માટે રોજ જાગતા રહેવું પડે છે અને જાગતા રહેવા માટે વાંચન અત્યંત આવશ્યક છે. વાંચન વિશે વધુ માહિતી આપતાં તેમણે જણાવ્યું હતું કે, ભાષા મજબૂત, સુંદર, સબળ બનાવવા તેમજ જાહેરમાં મૌલિક વાતો કે વિચારો મુકવાની તાકાત પણ વાંચનથી જ મળે છે. પોતાના જીવનના લેખન અને વાંચનયાત્રાનાં દ્રષ્ટાંતો ને ઉદાહરણો રૂપે રજુ કરી વિદ્યાર્થીઓને વાંચન અ્ને લેખન અંગે જ્ઞાનનું ભાથું પીરસ્યું હતું. વિદ્યાર્થીઓ દ્વારા પુછાયેલા વિષય અનુસંધાનનાં વિવિધ પ્રશ્નો સાંભળીને મનોજભાઈ શુક્લાએ પોતાના વિદ્યાર્થીકાળના દિવસો યાદ કર્યા હતા અને બહુ સહેજતાથી દરેક પ્રશ્નનો નિરાકરણ કરી વિદ્યાર્થીઓને પોતાના પીઢ

અનુભવો અતે સમાચાર જગતથી વાકેફ કરાવ્યાં હતાં. આ વેબીનાર ના આયોજન થી વિદ્યાર્થીઓ માં ખુબ જ ઉત્સાહ નજરે પડ્યો હતો અને તેઓએ એકચિત્ત પૂર્વક રસલઈ માહિતી રૂપી જ્ઞાન મેળવ્યું હતું.

કુંભારેશ્વર મહાદેવ ખાતે વડાપ્રધાનના જન્મદિન નિમિત્તે ઉજવાઈ રહેલ સેવા સપ્તાહનું સમાપન

ચિલોડા, તા. ૨૧

ગાંધીનગર તાલુકાના ડભોડા - કુંભારેશ્વર મહાદેવના પટાંગણમાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૦માં જન્મદિને ઉજવાઈ રહેલા સેવા સપ્તાહની ઉજવણી પ્રસંગે તથા જુગલજી મથુરજી ઠાકોર - લોખંડવાલા, સાંસદ રાજ્યસભા પ્રદેશ અધ્યક્ષ ગુજરાત રાજ્ય ક્ષત્રિય ઠાકોર વિકાસ સંઘના પિતા સ્વ. મથુરજી પૂંજાજી ઠાકોરની ૮મી પુણ્યતિથિ નિમિત્તે મેગા બ્લડ ડોનેશન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

સમગ્ર જાહેરજનતા, મિત્રવર્તુળ, શુભેચ્છકો, સ્નેહીજનોએ રક્તદાન કરી કોઈની જિંદગી બચાવી શકાય એ હેતુ માટે રક્તદાન- મહાદાનના મંત્રને સાર્થક કરવા પૂર્વ જિલ્લા પંચાયત સદસ્ય અને પ્રદેશ ઉપપ્રમુખ ગુજરાત ક્ષત્રિય ઠાકોર વિકાસ સંઘ, દશરતજી ઠાકોર, અહાન ઠાકોર અન્ય સેવાભાવી યુવા રક્તદાતા, સ્વયસંવકોએ ખડેપગે ઉપસ્થિત રહી સેવા ધર્મ બજાવ્યો હતો. આ કેમ્પમાં ઈન્ડિયન મેડિકલ એસોસિયેશન માણસા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત વોલન્ટરી બ્લડ બેંક માણસાની ટીમએ સેવા પુરી પાડી હતી.

સાથે સમસ્ત ગુજરાત ક્ષત્રિય ઠાકોર વિકાસ સંઘની ટીમ હાજર રહી કેમ્પને સફળ બનાવ્યો હતો. કેમ્પમાં માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સ સહિત કોવિડ-૧૯ની દરેક ગાઈડલાઈન્સનું પાલન કરવામાં આવ્યું હતું. અંતમાં દરેક રક્તદાતાઓને પ્રમાણપણ અને શુભેચ્છા ભેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

એસ. કે. પટેલ સ્કૂલમાં ફેન્સી ડ્રેસ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ.કે. પટેલ સ્કૂલમાં ફેન્સી ડ્રેસ સેલિબ્રેશન કરાયું હતું. જેમાં બાળકોએ ઝાંસીની રાણી, પોલીસમેન, વેપારી, સન ફ્લાવર, ડૉક્ટર, વકીલ, ટ્રાફિક સિગ્નલ,પરી, ગ્રેપ્સ, મેંગો, ન્યુઝપેપર, ભારતમાતા તથા કાશ્મીરી કન્યા જેવી અવનવી વેશભુષાઓ ધારણ કરી હતી. જેમાં સ્કુલનાં પ્રિન્સિપાલ દિપાલી જોશી એ બાળકોને જજ કર્યા હતા અને અભિનંદન પાઠવ્યા હતા. આ કાર્યક્રમમાં વાલીઓ એ ખુબ સપોર્ટ કર્યો હતો.

જન્મદિને વધામણી

પ્રેમ કનુભાઈ પ્રજાપતિ

ધૃવી રાકેશકુમાર જાની

દિશાન્ત ગર્ગ
મો. ૮૫૧૧૬ ૧૯૪૬૫

જલ્પા જયંતીભાઈ પટેલ
મો. ૯૪૦૮૧ ૪૩૬૩૫

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

સરસ્વતી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સિસ ખાતે ફાર્મસીસ્ટ માટેનો રિફ્રેશર કોર્ષ યોજાયો

ગાંધીનગર, તા. ૨૧

સરસ્વતી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સિસ, ધણપ, ગાંધીનગર ખાતે ગુજરાત સ્ટેટ ફાર્મસી કાઉન્સીલ, અમદાવાદ ના સહયોગથી રજિસ્ટર્ડ ફાર્મસીસ્ટ માટેનો રિફ્રેશર કોર્ષ નું તા. ૧૯ અને ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૦ ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું.

ફાર્મસી કાઉન્સીલ ઓફ ઈન્ડિયા, દિલ્હી દ્વારા રજિસ્ટર્ડ ફાર્મસીસ્ટના લાઈસન્સ રિન્યુયલ માટે તથા એમને નવીન અને વર્તમાન જાણકારી આપવા માટે બેદિવસીય રિફ્રેશર કોર્ષ જરૂરી છે. આ રીફ્રેશર કોર્ષમાં ૭ અલગ અલગ વિષય નિષ્ણાતોએ એમના જ્ઞાન અને અનુભવોનું ગુજરાતભરના ૨૩૦ ફાર્મસીસ્ટ સાથે આદાન પ્રદાન કર્યું હતું અને ફાર્મસીસ્ટને આગામી સમય માં દર્દીઓના આરોગ્યની જાળવણી અને વિવિધ દવાઓની જાણકારી માટેનું માર્ગદર્શન અપાયું હતું.

બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે IEEE NPSS સ્ટુડન્ટ બ્રાન્ચ દ્વારા વર્ચ્યુઅલ વિઝીટ ઓન મોર્ડન ફિઝિક્સ-૨૦૨૦ યોજાઈ

વલ્લભ વિદ્યાનગર, તા. ૨૧

ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયની IEEE NPSS સ્ટુડન્ટ બ્રાન્ચ દ્વારા તા.૦૫/૦૯/૨૦૨૦થી તા.૧૩/૦૯/૨૦૨૦ ના રોજ વર્ચ્યુઅલ વિઝીટ ઓન મોર્ડન ફિઝિક્સ-૨૦૨૦ યોજાયી.જેમાં એક્સપર્ટ તરીકે ડૉ.ગૌતમ ચટ્ટોપાધ્યાય (સિનિયર સાયન્ટિસ્ટ, ,જેટ પ્રોપલઝન લેબ, NASA ,USA),ડૉ.મેથ્યુ ગ્રીન હાઉસ (એસ્ટ્રોફિઝિસ્ટ,ગોડાર્ડ સ્પેસ ફ્લાઈટ સેન્ટર, NASA,USA), ડૉ.અરવિંદ કે.સિંઘ (ડેપ્યુટી પ્રોજેક્ટ ડિરેક્ટર, ASTROSAT, ISRO), ડૉ.સ્ટીવન ગોલ્ડફર્બ (ફીઝીસીસ્ટ,એટલાસ એક્સપેરિમેન્ટ, CERN), ડૉ.ક્લેરા નેલિસ્ટ (પાર્ટિકલ ફીઝીસીસ્ટ,એટલાસ આઉટરીચ કોર્ડીનેટર, CERN), કેથી સુઓ (હેડ ,વિન્ડ એનર્જી સિસ્ટમ, DTU, ટેક્નિકલ યુનિવર્સીટી ઓફ ડેન્માર્ક),ડૉ.લીગીઆ એમોરીમ (લોરેન્સ બર્કલે લેબ, કેલિફોર્નિયા, USA) ઉપસ્થિત રહ્યા હતા.

વર્ચ્યુઅલ વિઝીટ ઈવેન્ટ ના ઉદઘાટન પ્રસંગે સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ.ઈંદ્રજિત એન. પટેલે જણાવ્યું હતું કે વર્ચ્યુઅલ વિઝીટ ઓન મોર્ડન ફિઝિક્સ નો મૂળભૂત ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓ તથા રિસર્ચ સ્કોલર્સ ને ન્યુક્લિઅર સાયન્સ,સ્પેસ ટેક્નોલોજી,પ્લાઝમા રિસર્ચ જેવા મોર્ડન ફિઝિક્સ ના વિષયો પર વર્તમાન સમય માં થઈ રહેલા રિસર્ચ વિષે માહિતી પૂરું પાડવાનો હતો.જેમ સિવિલ,મિકેનિકલ તથા ઈલેક્ટ્રિકલ એ એન્જીનીયરીંગ ની પાયાની બ્રાન્ચ છે તેમ ફિઝિક્સ,કેમેસ્ટ્રી,બાયોલોજી અને મેથેમેટિક્સ એ સાયન્સના પાયા ના વિષયો છે.વર્તમાન સમયમાં હાઈબ્રીડ ટેક્નોલોજી,હાઈબ્રીડ એજ્યુકેશન, હાઈબ્રીડ પ્રોડક્ટસનો ટ્રેન્ડ છે. ક્વોલિટી એજ્યુકેશનમાં વર્ષો થી અગ્રેસર એવી બીવીએમની સ્થાપનામાં સરદાર પટેલની યુથ ડેવલપમેન્ટની વિચારધારા પાયા માં છે તથા બીવીએમ તેનું વિઝન 'ટુ પ્રોડ્યુસ ગ્લોબલી એમ્પલોયેબલ ઈનોવેટિવ એન્જીનીયર્સ વિથ કોર વેલ્યુઝ 'પર સતત પ્રયત્નશીલ છે તથા વિદ્યાર્થીઓ ના ડેવલપમેન્ટ માટે બીવીએમ ખાતે IEEE, ISTE, IEI, CSI, RSI, WDC, NCC તથા NSS દ્વારા અલગ અલગ પ્રવૃતિઓ યોજાય છે.

ઉપરોક્ત વર્ચ્યુઅલ વિઝીટ માં ડૉ.ગૌતમ ચટ્ટોપાધ્યાય એ ટેરા હર્ટઝ ફ્રિક્વન્સી એન્ડ ઈટ્સ એપ્લિકેશન્સ, રડાર ટેક્નોલોજી, મિલિટરી એપ્લિકેશન્સ,વોટર મોલેક્યુલ્સ ડિટેક્શન ઓન ડિફરન્ટ પ્લેનેટ્સ વિષે માહિતી આપી હતી. ડૉ. અરવિંદ કે.સિંઘ એ ફર્સ્ટ ઈન્ડિયન મિશન ઓન સ્પેસ, ડિફરન્ટ સ્પેસ ટેક્નોલોજીસ,મલ્ટિ વેવલેન્થ સેટેલાઈટ,સોફ્ટ X-Ray ટેલિસ્કોપ,અલ્ટ્રા વાયોલેટ ડિટેક્શન સિસ્ટમ વિષે જણાવ્યું હતું. ડૉ.મેથ્યુ ગ્રીન હાઉસ એ જેમ્સ વેબ સ્પેસ ટેલિસ્કોપ, તેમાં ઉપયોગી ટેક્નોલોજી તથા અન્ય ડિવાઈસીસ , દ્રછજીછ ગોડાર્ડ સ્પેસ ફ્લાઈટ સેન્ટર લેબ્સ વિષે માહિતી આપી હતી. ડૉ.સ્ટીવન

ગોલ્ડફર્બ તથા ડૉ.ક્લેરા નેલિસ્ટ એ ઓનલાઈન ડિજિટલ માધ્યમ દ્વારા જીનીવા સ્થિત CERN લેબ્સ ની વિઝીટ કરાવી હતી જેમાં બિગ બેન્ગ થિયરી નું પ્રતિપાદન કરતા એક્પરીમેન્ટ માટે ઉપયોગ માં લીધેલ વિશ્વ માં સૌથી મોટી ટનલ લાર્જ હેડ્રન કોલાઈડર તથા પાર્ટિકલ ફિઝિક્સ વિષે રસપ્રદ માહિતી આપી હતી. ડૉ.લીગીઆ એમોરીમ એ પ્લાઝમા બેઝડ ટેક્નોલોજી, ઈલેક્ટ્રોન્સ, પોઝિટ્રોન્સ, આયન્સ વિથ ઈલેક્ટ્રીક ફિલ્ડ્સ એન્ડ ઈલેક્ટ્રોન પ્લાઝ્મા વેવ્સ,હાઈ ગ્રેડીએંટ પ્લાઝમા સ્ટ્રક્ચર વિષે માહિતી આપી હતી.ઉપરોક્ત ઈવેન્ટ ને સફળ બનાવવા માટે IEEE BVM SB ના વિદ્યાર્થીઓ એ ઉત્સાહપૂર્વક કામગીરી હાથ ધરી હતી.આ પ્રસંગે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ એન્જીનીયર ભીખુભાઈ પટેલ તથા અન્ય હોદ્દેદારો એ શુભેચ્છા પાઠવી હતી.

લોકગાયક કિશોર મનરાજાના માનમાં સ્મૃતિસભા યોજાઈ

જાણીતા કલાકારોએ ભારે હૈયે શબ્દાંજલિ અર્પણ કરી

ગાંધીનગર, તા. ૨૧

જાણીતા લોકગાયક કિશોર મનરાજાની ઓનલાઈન સ્મૃતિસભા 'મારી ભાષા ગુજરાતી' વર્ચ્યુઅલ મંચ પર રવિવારે સાંજે યોજાઈ હતી. ગુજરાતી ભજનો, સ્તવનો, લગ્નગીતો, શ્રીનાથજી સત્સંગ અને ગરબાના ક્ષેત્રે ખૂબ જ લોકપ્રિય નામ ધરાવતા મનરાજાનું ટૂંકી બીમારી બાદ ૫ સપ્ટેમ્બરે અવસાન થયું હતું. તેઓ ખૂબ જ સુરીલા ગાયક હતા અને 'લોકગાયક' તરીકે તેઓ દેશવિદેશમાં ભારે નામના ધરાવતા હતા.

સ્મૃતિસભામાં જાણીતા શો-ઓર્ગેનાઈઝર અને 'તિહાઈ ટોક'ના નિયામક અભિલાષ ઘોડાએ કહ્યું કે 'ગાયક તરીકે કિશોરભાઈ જે કાંઈપણ કરતા એમાં પારંપરિક મૂલ્યોને સંવર્ધિત કરતા અને હરહંમેશ એમાં તાજું ને નવીન કરવું એ એમની રજૂઆતની ખાસિયત હતી.' તેમણે દુઃખ વ્યક્ત કર્યું કે કિશોરભાઈના અવસાનના છ દિવસ અગાઉ જ એમના મોટા પુત્ર હેમલનું અવસાન થઈ ગયેલું અને એ સમાચાર પિતાને-કિશોર મનરાજાને એમની નાજુક હાલતને કારણે અપાયા ન હતા. મુંબઈનાં જાણીતાં ગુજરાતી ગાયિકા વર્ષા ભટ્ટે જણાવ્યું કે 'તેમના જેવી અનેક પ્રતિભાઓને મંચ પર લાવવું અને સાથેસાથે માર્ગદર્શન પ્રોત્સાહન પૂરું પાડવાનો મનરાજાનો ઉમદા સ્વભાવ ક્યારેય ભુલાશે નહિ.' લેખક-હાસ્યકાર સુભાષ ઠાકરે કહ્યું કે 'કિશોરભાઈ એમની અટક પ્રમાણે જ મનના તો રાજા માણસ હતા પણ તનના ય રાજવી હતા; પણ પ્રભુને જયારે બહુ જરૂર લાગી હશે એમણે કિશોરભાઈના તનનું વિસર્જન કરી એમને પોતાની પાસે બોલાવી લીધા. કિશોર એક કિલ્લોલ કરતો શોર હતો જે એના સદેહે ચાલ્યા ગયા પછી પણ અનંત સુધી ગુંજતો રહેશે.'

હાસ્યલેખક અને અભિનેતા રમેશ ચાંપાનેરીએ કહ્યું કે 'કિશોર મનરાજા પોતાની કારકિર્દીની શરૂઆતે આશુ સાઉન્ડ સિસ્ટમ ચલાવતા હતા અને પછી એક મોટા ગુણવાન ગાયક કલાકાર તરીકે એમનો ઉદય થયો. તેઓ કલાકારવૃંદમાં સૌમાં ભળી જતા અને તોય સર્વ વૃંદ માટે તેઓ એક અલગ જ તરી આવતા એક સિતાર સમા હતા.' કલાકાર વિક્રમ નિઝામાએ સંસ્મરણો વાગોળતાં કહ્યું કે 'કિશોરભાઈ

પોતે ખૂબ જ પ્રખ્યાત હતા છતાં એમને ખબર જ નહોતી કે પોતે કોઈ પ્રખ્યાત વ્યક્તિ છે. તેઓ તેમના નામ પ્રમાણે કાયમ કિશોરાવસ્થાની મસ્તીમાં જ જોવા મળતા.' પ્રસિદ્ધ વકતા-કલાકાર અશ્વિન જોશીએ કહ્યું હતું કે 'કિશોર મનરાજા ગાયકીના રાજા હતા અને લાગણીનો પણ અખૂટ ભંડાર હતા.' એમની સાથે વિતાવેલા દિવસો અને યાદગાર પ્રસંગોને યાદ કરતાં જોશીએ અશ્રુધારે અને અત્યંત ભાવુક સ્વરે પોતાના આત્મીયજન મનરાજાને શબ્દાંજલિ અર્પણ કરી હતી.

કિશોર મનરાજાના નાના પુત્ર જેસલ મનરાજાના સૌજન્યથી મનરાજા પરિવાર (મુંબઈ) વતી 'મારી ભાષા' તરફથી સંયોજક ભાગ્યેન્દ્ર પટેલ દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. પટેલે કહ્યું કે 'કિશોર મનરાજા સાથે પરસ્પર અમારો કોઈ પરિચય નહોતો પરંતુ લોકડાઉનના ગાળામાં એમનાં ભજનો સાંભળતાં એમના સ્વર સાથે આત્મીય પ્રીત બંધાઈ ગઈ હતી. તેઓ સગપણની રીતે મારા સ્વજન નહોતા પણ તેઓ મારા જેવા અનેકોના સ્વર-જન બની ગયા છે. તેમનો આત્મા શ્રીજીચરણમાં સ્થિર થયો પણ તેઓ ચિરસ્મૃતિ બનીને ચાહકોના હૈયામાં વસતા રહેશે, ગાતા રહેશે.× આ કાર્યક્રમમાં કિશોર મનરાજાએ ગાયેલ આત્મીય ભજનો અને સ્તવનોની ઝલક રજૂ કરાઈ હતી. કોઈ વ્યક્તિના દેહવિલય બાદ એમની યાદમાં એમના જ દ્વારા ગાવાયેલાં ગીતો સાથે શ્રદ્ધાંજલિ આપતી એક અનોખી સ્મૃતિસભા ઝૂમ મીટિંગ્સ પર યોજાઈ હતી. કિશોરભાઈના નાના ભાઈ નવીન મનરાજાએ તેમના જયેષ્ઠબંધુના માનમાં સ્મૃતિસભા યોજવા બદલ 'મારી ભાષા' અને સર્વ વક્તાઓ તેમ જ સો ઉપરની સંખ્યામાં હાજર રહેલ શ્રોતાઓનો ગદગદ કંઠે આભાર માન્યો હતો.